SC/38/2009 ORDER

**IN THE CITY SESSIONS COURT AT AHMEDABAD**
**1**

**SESSIONS CASE NO. 38 OF 2009.વિગેરે**

**<u>આંક-૮૨૪ હેઠળ હુકમ</u>**

આરોપીઓ તરફે વિ.વકીલશ્રી આઇ.એમ.મુન્શીને સાંભળ્યાં.ફરિયાદ પક્ષે વિ.સ્પે.પી.પી.શ્રી એચ.એમ.ધ્રુવને સાંભળ્યાં.

૨. આ કામે આરોપીઓ તરફે આ અરજી આપી એવી મૌખિક રજુઆત કરવામાં આવી છે કે આ કેસ દર બુધવાર તથા ગુરૂવારે રાખવામાં આવે છે અને જે તે દિવસે આરોપીઓની મુલાકાતે આવેલ સગા વ્હાલાને આ કેસનાં કારણે જેલ સત્તાવાળાઓ તરફે મુલાકાત આપવામાં આવતી નથી.આ સગા વ્હાલામાંના કેટલાંક બહારગામથી પણ આવતાં હોય છે.તેથી તેઓને પારાવાર તકલીફ પડે છે.જેથી આ કામે આરોપીઓનો મુલાકાતનો સમય નિર્ધારીત કરવો જરૂરી છે.

૩. ન્યાયનાં હિતમાં તથા આરોપીઓને તેમનાં સગા વ્હાલાઓને મળવા દેવા જોઇએ તે હકીકતને નજર સમક્ષ રાખી આ અદાલત એવું મંતવ્ય ધરાવે છે કે આ કામનાં આરોપીઓના દર બુધવારે તથા ગુરૂવારે આવતાં મુલાકાતીઓની મુલાકાત સવારનાં ૧૦-૪૫ કલાક પહેલાં પુરી કરવામાં આવે તો તે વધુ યોગ્ય તથા ન્યાયોચિત રહેશે.

૪ ઉપરોકત ચર્ચાને આધારે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

(એ) આથી જેલ સુપ્રીટેન્ડન્ટ તથા લાગતા વળગતાં જેલરશ્રીઓને એવો હુકમ કરવામાં આવે છે કે આ કામનાં તમામ આરોપીઓની મુલાકાત દર બુધવાર તથા ગુરૂવારે સવારે ૧૦-૪૫ કલાક અગાઉ પુરી કરાવવી કે જેથી સવારનાં ૧૦-૪૫ પછી આ કેસ ચલાવતી વખતે અદાલતનો બહુમુલ્ય સમય વેડફાય નહિ તથા આરોપીઓ તેમનાં મુલાકાતીઓને પણ મળી શકે. અન્યથા હુકમ ન થાય ત્યાં સુધી દર બુધવાર તથા ગુરૂવારે ૧૦-૪૫ કલાક બાદ તમામ આરોપીઓને અદાલતમાં ઉપસ્થિત રાખવા.

(બી) આ હુકમની એક યાદી જેલ ઓથોરીટીને મોકલી આપવીં જેલ ઓથોરીટી આ હુકમની જાણ તમામ લાગતાં વળગતાં જેલરશ્રીઓને કરશે.

ઉપરોકત હુકમે હાલની અરજી મંજુર કરી ફેંસલ કરી.

આજ રોજ તારીખ ૨૮મી માહે માર્ચ સને ૨૦૧૩નાં રોજ ખુલ્લી અદાલતમાં લખવી જાહેર કર્યો.

(ડૉ.જયોત્સનાબેન યાજ્ઞિક)
સ્પેશ્યલ જજ
સ્પેશ્યલ કોર્ટ ફોર સીરીયલ બોમ્બબ્લાસ્ટ કેસીસ,
અમદાવાદ.